સૌનો સાથ... સૌનો વિકાસ...

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.



૪૫ મો
વાર્ષિક અહેવાલ

સને : ૨૦૧૧-૨૦૧૨




| | | |
|---|---|---|
| સભાસદ સંખ્યા | : | ૧,૧૩૪ |
| કરજદાર સભ્ય સંખ્યા | : | ૭૩૩ |
| મંજૂર થયેલ શેર ભંડોળ | : | ૪,૦૦,૦૦,૦૦૦/- |
| વસુલ આવેલ શેર ભંડોળ | : | ૨,૧૧,૧૦,૧૪૦/- |
| થાપણ | : | ૧૭,૪૬,૬૪,૬૫૦/- |
| રીઝર્વ ફંડ | : | ૮૬,૬૯,૫૯૪/- |

: બેન્કર્સ :

**ધી અમદાવાદ ડી. કો. ઓ. બેન્ક લી.**
પાટનગર શાખા, સેક્ટર-૧૬, ગાંધીનગર.

ઓડિટ વર્ગ : –


૧૬૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૭૩૨

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## કર્મયોગી કાર્યવાહક મંડળ ૨૦૧૧-૨૦૧૨



પ્રમુખશ્રી
**વનલીલાબેન ર. પટેલ**
અડાલજ વિભાગ



મંત્રીશ્રી
**મહેશભાઈ બા. પટેલ**
ડભોડા વિભાગ



ઉપપ્રમુખશ્રી
**અમૃતલાલ હ. દવે**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**મંજુલાબેન રા. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**હસમુખભાઈ ચી. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**અશ્વિનકુમાર મ. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**રેખાબેન બ. પંડ્યા**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ભગવાનભાઈ કા. પટેલ**
અડાલજ વિભાગ



કારોબારી સભ્યશ્રી
**ભરતકુમાર ર. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**કલ્પેશકુમાર ગો. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**રમણજી શિ. ઠાકોર**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**હરીશકુમાર ન. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**પ્રમોદરાય ગ. પરમાર**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**વિનુભાઈ અ. પટેલ**
રાંધેજા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**કિરણકુમાર ભો. પટેલ**
ડભોડા વિભાગ



કારોબારી સભ્યશ્રી
**પરેશભાઈ ગ. સુતરિયા**
અડાલજ વિભાગ



આમંત્રિત કારોબારી સભ્યશ્રી
**લલિતાબેન ચ. પટેલ**
અડાલજ વિભાગ

## કાર્યવાહક મંડળ ૨૦૧૧-૨૦૧૨

| નં. | નામ | હોદ્દો | શાળા |
|---|---|---|---|
| ૧. | **શ્રી વનલીલાબેન રમણભાઈ પટેલ** | **પ્રમુખ** | **આચાર્યશ્રી, ઉવારસદ કન્યા શાળા** |
| ૨. | શ્રી અમૃતલાલ હરગોવિંદલાલ દવે | ઉપ પ્રમુખ | આચાર્યશ્રી, પેથાપુર પગાર કેન્દ્ર શાળા |
| ૩. | શ્રી મંજુલાબેન રામભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, ઝુંડાલ પ્રાથિમક શાળા |
| ૪. | શ્રી હસમુખભાઈ ચીમનલાલ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, કોલવડા પગાર કેન્દ્ર શાળા |
| ૫. | શ્રી અશ્વિનકુમાર મથુરભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, સોરાબપુરા પ્રાથિમક શાળા |
| ૬. | શ્રી રેખાબેન બળદેવપ્રસાદ પંડ્યા | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, વલાદ પગાર કેન્દ્ર શાળા |
| ૭. | શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ., કુડાસણ પ્રાથિમક શાળા |
| ૮. | શ્રી ભરતકુમાર રમણલાલ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, ઓતાજીના છાપરા પ્રાથિમક શાળા |
| ૯. | શ્રી કલ્પેશકુમાર ગોરધનભાઈ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ., દશેલા પગાર કેન્દ્ર શાળા |
| ૧૦. | શ્રી રમણજી શિવાજી ઠાકોર | કા. સભ્યશ્રી | મ.શિ., વિરાતલાવડી પગાર કેન્દ્ર શાળા |
| ૧૧. | શ્રી હરીશકુમાર નટવરલાલ પટેલ | કા. સભ્યશ્રી | સી.આર.સી.કો.ઓ., સરઢવ પગાર કેન્દ્ર શાળા |
| ૧૨. | શ્રી પ્રમોદરાય ગણેશભાઈ પરમાર | કા. સભ્યશ્રી | મ.શિ., કૃષ્ણનગર પ્રાથિમક શાળા (રાંધેજા) |
| ૧૩. | શ્રી વિનુભાઈ અમથાભાઈ પટેલ | કા. સભ્યશ્રી | આચાર્યશ્રી, કૃષ્ણનગર પ્રાથિમક શાળા (ટીંટોડા) |
| ૧૪. | શ્રી કિરણકુમાર ભોગીલાલ પટેલ | કા. સભ્યશ્રી | મ.શિ., ઈસનપુર મોટા પ્રાથિમક શાળા |
| ૧૫. | શ્રી પરેશભાઈ ગણેશભાઈ સુતરિયા | કા. સભ્યશ્રી | મ.શિ., બગલાવાડી હુડકો પ્રાથમિક શાળા (ચાંદખેડા) |
| ૧૬. | શ્રી લલિતાબેન ચતુરભાઈ પટેલ | આમંત્રિત કા.સભ્યશ્રી | મ.શિ., પાર્શ્વનાથનગર પ્રાથમિક શાળા (ચાંદખેડા) |

## મંત્રીશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | **શ્રી મહેશભાઈ બાબુભાઈ પટેલ** | **મંત્રીશ્રી** | **મ.શિ., વડોદરા પ્રાથમિક શાળા** |

## આંતરિક ઓડીટરશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | **શ્રી પિયુષકુમાર હરગોવિંદભાઈ પટેલ** | **ઓડીટરશ્રી** | **આચાર્યશ્રી, રાણજીપુરા, પ્રાથમિક શાળા** |
| ૨. | **શ્રી ખીમાભાઈ વીરાભાઈ ચાવડા** | **ઓડીટરશ્રી** | **આચાર્યશ્રી, પેથાપુર કન્યા શાળા — ૧** |
| ૩. | **શ્રી રમેશભાઈ માસંગજી ચૌહાણ** | **ઓડીટરશ્રી** | **આચાર્યશ્રી, ધણપ પ્રાથિમક શાળા** |

## કર્મચારીગણ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી નટવરલાલ મંગળદાસ કાપડિયા | કાર્યાલય મંત્રીશ્રી | ડભોડા વિભાગ |
| ૨. | શ્રી રમણભાઈ નાથાભાઈ પટેલ | કાર્યાલય મંત્રીશ્રી | અડાલજ વિભાગ |
| ૩. | શ્રી જ્યંતિલાલ પુરૂષોતમદાસ બ્રહ્મભટ્ટ | કાર્યાલય મંત્રીશ્રી | રાંધેજા વિભાગ |
| ૪. | શ્રી મન્વેશકુમાર રામાભાઈ પટેલ | કોમ્પ્યુટર ઓપરેટર | |
| ૫. | શ્રી પ્રમોદભાઈ મફતલાલ શુકલ | સેવક | |

ભેગા થવું એ શરૂઆત છે. ભેગા રહેવું એ પ્રગતિ છે, પરંતુ ભેગા મળી કામ કરવું તે સફળતા છે.

# આમંત્રણ

## વાર્ષિક સાધારણ સભા

**સન્માનનીય સભાસદ ભાઈઓ-બહેનો,**

જયભારત સહ જણાવવાનું કે, શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.ની સને ૨૦૧૧-૨૦૧૨ના વર્ષની **સાધારણ સભા તા. ૨૩-૦૬-૨૦૧૨ને શનિવાર**ના રોજ બપોરના ૨-૦૦ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગરમાં મળશે. જેમાં તમામ સભાસદ ભાઈ-બહેનોને હાજરી આપવા હાર્દિક નિમંત્રણ છે.

## એજન્ડા

૧. ગત સભાનો અહેવાલ મંજૂર કરવા બાબત.

૨. સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષમાં વ્યવસ્થાપક મંડળે કરેલ ઠરાવોને બહાલી આપવા બાબત.

૩. સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષનું સરવૈયું મંજૂર કરવા બાબત.

૪. કાર્યવાહક મંડળે કરેલ નફાની વહેંચણીને બહાલી આપવા બાબત.

૫. તા. ૧૯-૧૧-૨૦૧૧ના કારોબારી ઠરાવ નં. ૧૩ મુજબ ડેથ / નિવૃતિ યોજનામાં ન જોડાયેલા સભાસદોને સહાય આપવા બાબત.

૬. કાર્યવાહક મંડળમાંથી ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ માટે ચૂંટાયેલા પ્રમુખશ્રીને બહાલી આપવા બાબત.

૭. કાર્યવાહક મંડળે ૨૦૧૨-૨૦૧૩ ના વર્ષ માટે કરેલ મંત્રીશ્રી ની નિમણૂંકને બહાલી આપવા બાબત.

૮. માનદ્ ઓડીટરશ્રીઓની નિમણૂંક કરવા બાબત.

૯. સને તા. ૦૧-૦૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ સુધીમાં નિવૃત્ત થયેલ મંડળીના સભાસદ ભાઈ-બહેનોનું તથા મંડળીના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીશ્રીનું સન્માન કરવા બાબત.

૧૧. તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવા બાબત.

૧૨. પ્રમુખ સ્થાનેથી રજૂ થાય તે...

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

તા.ક. (૧) સભા મળવાના સમયથી એક કલાક સુધીમાં કોરમ થયું નહીં હોય તો એક કલાક બાદ તે જ સ્થળે સભાનું કામકાજ એજન્ડા પ્રમાણે કરવામાં આવશે. જે કાયદેસર ગણાશે.

(૨) મંડળીના પ્રશ્નો બાબતે જે માહિતી જોઈતી હોય તે બાબતે મીટીંગના પાંચ દિવસ અગાઉ મંડળીના કાર્યાલયથી મેળવી લેવી. તેમજ પ્રશ્નો-સૂચનો પાંચ દિવસ અગાઉ લેખિતમાં રજૂ કરવા.

## પ્રમુખશ્રીનું નિવેદન



વનલીલાબેન રમણભાઈ પટેલ
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

આદરણીય સભાસદ શિક્ષક ભાઈઓ / બહેનો,

સૌને સ્નેહભર્યા નમસ્કાર

આપણી મંડળીની ૪૫મી વાર્ષિક સાધારણ સભામાં આપ સૌનુ હાર્દિક સ્વાગત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

આપણી મંડળી સને ૨૦૧૧-૧૨ નું હિસાબી વર્ષ પૂરું કરી ૪૬માં વર્ષમાં વિકાસની કેડી પર આપ સૌના સાથ સહકારથી આગેકૂચ કરી રહેલ છે. વ્યવસ્થાપક મંડળે ભલામણ કરેલ વર્ષ ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ આપ સૌ સમક્ષ રજૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

મને આશા છે કે આ અહેવાલના અભ્યાસ દ્વારા આપ સૌને જણાશે કે વહીવટમાં સુગમતા અને ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણ ફાળ ભરીને વિકાસના પંથે આગેકૂચની દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેના પરિણામ સ્વરૂપે આપણી મંડળીનો પારદર્શક વહીવટ અને આ વર્ષનો નફો આપની સામે છે.

સંપ - સેવા - સહકાર - સંગઠનની ભાવનાના પાયા પર રચાયેલી આપણી મંડળીને પ્રગતિ તરફ લઈ જનાર એ પૂર્વ આદ્ય સંસ્થાપકોને યાદ કરતા થાપણદારો અને સભાસદ ભાઈ-બહેનોને ખૂબ ખૂબ સન્માન સાથે અહીં આવકારું છું.

૧. **સભાસદ સંખ્યા :** ગત વર્ષ આખરે સભાસદ સંખ્યા ૧૧૧૫ હતી. વર્ષ દરમ્યાન ૫૧ સભાસદો નવા દાખલ થયેલ છે તેમજ વયનિવૃત્તિ, તાલુકા / જીલ્લા / શહેર વિસ્તાર ફેરબદલી, સ્વૈ.નિવૃત્તિ તથા રાજીનામાના કારણે ૩૨ સભાસદોના રાજીનામા મંજૂર થતાં વર્ષ આખરે ૧૧૩૪ સભાસદો બાકી રહે છે.

૨. **શેરભંડોળ :** ગત વર્ષ આખરે શેરભંડોળ રૂા.૨,૦૩,૨૨,૯૯૦/- હતું. તે માંથી રૂા. ૬,૮૦,૮૩૦/- પરત ચૂકવ્યા તથા ચાલુ વર્ષના અંતે રૂા. ૧૪,૬૭,૯૮૦/- નો શેરભંડોળમાં વધારો થતાં વર્ષ આખરે રૂા. ૨,૧૧,૧૦,૧૪૦/- શેરભંડોળ થયેલ છે.

૩. **કરજ :** ગયા વર્ષ આખરે કરજ રૂા.૨૧,૮૯,૭૬,૧૦૦/- બાકી હતું. જેમાં વર્ષ દરમ્યાન રૂા.૨૦,૬૫,૬૧,૦૦૦/- કરજ વસૂલાત આવેલ છે. તેમજ રૂા.૨૨,૭૪,૪૦,૦૦૦/- કરજ ધીરાણ કરતાં વર્ષ આખરે રૂા.૨૩,૯૮,૫૫,૧૦૦/- કરજ બાકી રહે છે. તા. ૧-૪-૨૦૧૨ થી કરજ વ્યાજ દર ૧૦.૨૦% કરેલ છે.

૪. **નફો :** ચાલુ વર્ષના સમયગાળા દરમિયાન વહીવટી ખર્ચમાં કરકસર કરેલ છે. ફરજીયાત બચત પર વ્યાજ, વ્યાજ વળતર વગેરેની જોગવાઈ કર્યા બાદ મંડળીએ રૂા.૨૪,૯૧,૪૮૮/-નો નફો કરેલ છે.

૫. **નફાની વહેંચણી :** ચાલુ વર્ષે મંડળીએ આપણા સભાસદોને ફરજીયાત બચત પર ૧૩% વ્યાજ, શેર ડિવિડન્ડ ૮% તેમજ વ્યાજ વળતર ૪% ચૂકવવાનું કાર્યવાહક મંડળે ભલામણ કરેલ છે.

૬. **કરજ લેનાર સભ્યો :** આપણી મંડળીના કુલ સભાસદો ૧૧૩૪ છે. જે પૈકી કરજ લેનાર સભાસદોની સંખ્યા ૭૩૩ છે. કરજ નહીં લેનાર સભાસદોની સંખ્યા ૪૦૧ છે.

૭. **સભાસદ થાપણ :** ગત વર્ષના અંતે આપણી મંડળીમાં રૂા.૧૬,૭૩,૧૧,૬૫૦/- થાપણ જમા હતી. જેમાં ચાલુ વર્ષે નવી થાપણ રૂા. ૭૩,૫૩,૦૦૦/- નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૧૭,૪૬,૬૪,૬૫૦/- થાપણ જમા થયેલ છે.

૮. **કાર્યવાહક કમિટી :** ચાલુ વર્ષ દરમિયાન કાર્યવાહક મંડળની કુલ ૧૭ બેઠક મળી. જેમાં ૫૯૬ અરજી નો નિકાલ કરવામાં આવ્યો.

૯. **નિવૃત્તિ/ડેથ બેનીફીટ યોજના :** વર્ષ દરમિયાન ૩૨ સભાસદો નિવૃત્ત થતા, જેમાંથી ૯ નિવૃત સભાસદોને રૂા.૯૯,૦૦૦/- નો નિવૃતી ફાળો તેમજ ૩ સભાસદોના વારસદાર ને રૂા. ૨,૭૦,૦૦૦/- ડેથ ફાળો ચૂકવી આપેલ છે.

૧૦. **દફતર તપાસણી :** તા.૧-૪-૨૦૧૧ થી ૩૧-૩-૨૦૧૨ સુધીનું ઓડિટ માનદ્ ઓડિટરશ્રીઓએ ઓડિટ કરેલ છે. તેમજ તા. ૧-૧૨-૨૦૧૦ થી ૩૦-૧૧-૨૦૧૧ સુધીનું ઓડિટ ધી અમદાવાદ ડિ.કો.ઓ.બેંક લિ., પાટનગર શાખા, સેકટર-૧૬ના મા.બેંક ઈન્સ્પેકટર સાહેબ તરફથી ઓડિટ કરવામાં આવેલ છે.

૧૧. **ફરજીયાત બચત :** ફરજીયાત બચત યોજનામાં ગત વર્ષે રૂા.૨,૬૨,૬૦,૮૦૦/- જમા હતા જેમાં ચાલુ વર્ષમાં રૂા.૫૭,૬૪,૨૦૦/- નો વધારો થતાં વર્ષ આખરે રૂા.૩,૨૦,૨૫,૦૦૦/- ફરજીયાત બચત ખાતે જમા થયેલ છે.

૧૩. **પ્રોત્સાહિત ઈનામ :** ચાલુ વર્ષમાં ગાંધીનગર તાલુકા પ્રાથમિક શાળા રમતોત્સવમાં ગાંધીનગર તાલુકાની સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને ઈનામ પેટે રૂા. ૪૫૦૦/- આપી પ્રોત્સાહન પૂરું પાડેલ છે.

વર્ષ દરમિયાન સંસ્થાના કામકાજમાં જાગૃત રહીને મંડળીને પ્રગતિના પંથે લઈ જવામાં સાથ સહકાર અને પ્રેરણા આપવા બદલ વ્યવસ્થાપક મંડળના સર્વે સભ્યશ્રીઓ તથા ઓડિટરશ્રીઓ તથા ઉત્સાહી, અભ્યાસુ અને ખંતીલા મંત્રીશ્રી, મહેશભાઈ બાબુભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

મંડળીના પ્રમુખ તરીકેની મારી નિયુક્તી તથા સંસ્થાને સેવાનો લાભ અપાવનાર અને મને સાથ સહકાર અને મારા કાર્યમાં ઉત્સાહ વધારનાર મારા વડીલશ્રીઓ, મિત્રો અને સભાસદ ભાઈ-બહેનોની હું ખૂબ જ ઋણી છું. આ તબક્કે સર્વે નો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરુ છું.

સંસ્થાના વહીવટમાં માર્ગદર્શન આપનાર મંડળીના ઉપપ્રમુખશ્રી અમૃતભાઈ હ. દવે તથા રમણભાઈ ના. પટેલ તથા ભૂતપૂર્વ હોદ્દેદારશ્રીઓ, આંતરીક ઓડિટરશ્રીઓ, રાજયસંઘ / જીલ્લાસંઘ / તાલુકા સંઘ ના તમામ હોદ્દેદારશ્રીઓ અને સભાસદો અને વહીવટ વ્યવહારમાં કડી રૂપ તમામ પગાર કેન્દ્રના આચાર્યશ્રીઓ નો હું આભાર વ્યક્ત કરું છું. શેરથા પગાર કેન્દ્રના આચાર્યશ્રી રંજનબેન કો. ધોબી તથા પેટા શાળાના આચાર્યશ્રીઓ તથા તમામ શિક્ષકશ્રીઓનો તથા તમામ સભાસદો તથા સમગ્ર ઉવરસદ શાળા પરિવારનો હું અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

મંડળીનો દૈનિક વહીવટ કરનાર, વહીવટી કામમાં ચીવટપૂર્વક અને ચોકસાઈ રાખનાર મંડળીના કાર્યાલય મંત્રીશ્રીઓ નટવરલાલ કાપડિયા, જયંતિલાલ બ્રહ્મભટ્ટ તથા રમણભાઈ પટેલ તથા પૂર્વ કાર્યાલય મંત્રીશ્રી બેચરભાઈ પટેલ તથા યુવાન અને ઉત્સાહી કોમ્પ્યુટર ઓપરેટેરશ્રી મન્વેશકુમાર પટેલનો હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

પ્રતિમાસ કરજ હપ્તાના ચેક નિયમિત આપવા બદલ માનનીય જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી, બી.આર.સી. તથા સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રી તથા શિક્ષણશાખાના સર્વે સ્ટાફ મિત્રોનો આભાર વ્યક્ત કરું છું.

ધી. અમદાવાદ ડી.કો.ઓ. બેંક. લી. સેક્ટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેક્ટરશ્રી, તથા સર્વે સ્ટાફનો હું આભાર વ્યક્ત કરું છું.

માનનીય જિલ્લા રજિસ્ટાર સાહેબે મંડળી પ્રત્યે દર્શાવેલ સહાનુભૂતિ અને સહકાર બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું. મંડળીના વહીવટ અને પ્રગતિમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મને સાથ-સહકાર અને માર્ગદર્શન આપનાર નામી-અનામી સૌ કોઈનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું.

અંતમાં આપણી મંડળીનો મૂર્તિમંત્ર "સેવા સહકાર સદ્ભાવના...." સાથે પરસ્પર વિશ્વાસનો કોલ દઈ મને આપ સૌએ સેવા કરવાની તક આપી તે બદલ આપ સૌનો આભાર માની વિરમું છું.

"જય જય ગરવી ગુજરાત"

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

જિંદગી એવી ના જીવો કે લોકો "ફરિયાદ" કરે પણ એવી જીવો કે લોકો ફરી "યાદ" કરે,
તેના માટે "ગમે તેવું" ના બોલો પણ તેને "ગમે" તેવું બોલો.

## મંત્રીશ્રીનું નિવેદન

**સ્નેહી સભાસદ ભાઈ-બહેનો**

સસ્મિત નમસ્કાર



**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં.તા.પ્રા.શિ.શ.સ.મં.લી.,
ગાંધીનગર.

આપ સૌના સહિયારા પુરૂષાર્થ અને સહકારથી આપણી શરાફી મંડળી એક વટવૃક્ષની જેમ ફૂલીફાલી રહી છે. જેના મીઠાફળ આજે આપણે ચાખી રહ્યા છીએ. તેવા સમયે આપ સૌની સમક્ષ ગાં.તા.પ્રા.શિ.શ.સ.મંડળીની ૪૫મી વાર્ષિક સાધારણ સભામાં ૨૦૧૧-૧૨ ના વર્ષનો વાર્ષિક અહેવાલ રજૂ કરતાં હું ભાવવિભોર બની અત્યંત હર્ષ સાથે અવિરત વિકાસ યાત્રાની લાગણી અનુભવી રહ્યો છું.

પ્રમુખશ્રીના નિવેદનમાં આપણી મંડળીનો પ્રગતિકારક અહેવાલ રજૂ કરેલ છે. ચાલુ વર્ષે મંડળીના મંત્રી તરીકેની મારી નિયુક્તિ કરી તે બદલ હું વ્યવસ્થાપક કમીટી તથા આપ સૌ સભાસદોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

સને ૨૦૧૧-૧૨ ના વર્ષનો અહેવાલ આપની સમક્ષ રજૂ કરેલ છે. અહેવાલના અભ્યાસ દ્વારા જણાશે કે મંડળીના વહીવટમાં ચોક્કસ દિશા આપીને મંડળીની પ્રગતિમાં હરણફાળ ભરી વિકાસના પંથે આગેકૂચ કરેલ છે. જે આપ સૌને અહેવાલના અભ્યાસ દ્વારા ખાતરી થશે. મંડળીની થાપણો રૂા. ૧૭,૪૬,૬૪,૬૫૦/- થઈ છે તે આપ સૌની શ્રધ્ધા અને વિશ્વાસના દર્શન કરાવે છે.

ફરજીયાત બચત વ્યાજ, વ્યાજવળતર, નિવૃત્તિ ફાળો, ડેથફાળો અને સભાસદ વિદ્યાર્થી પ્રોત્સાહક ફંડની કાચા નફામાંથી જોગવાઈ કર્યા બાદ ચોખ્ખો નફો રૂા. ૨૪,૯૧,૪૮૮/- નોંધાયેલ છે. ચાલુ વર્ષે વ્યવસ્થાપક કમિટિએ ફરજીયાત બચત પર ૧૩% વ્યાજ, કરજ વ્યાજ વળતર ૪% તેમજ શેર ડિવિડન્ડ ૮% ની ભલામણ કરેલ હોઈ દરેક સભાસદને સંતોષ આપવાનો પ્રયત્ન કરેલ છે.

મને મંત્રીપદે કામ કરવાની પ્રેરણા આપનાર મારી વડોદરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી નિર્મળાબેન પરમાર, મારો ઉત્સાહી શિક્ષક સ્ટાફ, ડભોડા પગાર કેન્દ્રના આચાર્યશ્રી ભાગ્યશ્રીબેન પટેલ તથા ડભોડા પગાર કેન્દ્રના તમામ શિક્ષક પરિવાર મિત્રો અને ડભોડા વિભાગના શિક્ષક સભાસદ મિત્રોની મને હુંફ મળી છે તે બદલ હું તેમનો આભારી છું.

મંડળીની પ્રગતિમાં તેમજ વહીવટમાં સાથ સહકાર અને પ્રેરણા આપનાર મંડળીના પ્રમુખશ્રી વનલીલાબેન પટેલનો મને હરપળે સાથ મળેલ છે. તથા ઉપપ્રમુખશ્રી અમૃતલાલ દવે તથા કારોબારી સભ્યશ્રીઓ, પગાર કેન્દ્રના આચાર્યશ્રીઓ, ગુ.રા.પ્રા.શિ.સંઘના મહામંત્રીશ્રી, ગાં.જિ.પ્રા.શિ. સંઘના પ્રમુખશ્રી તથા તમામ હોદ્દેદારશ્રીઓ તથા ગાં.તા.પ્રા.શિ. સંઘના પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી તથા નિવૃત હોદ્દેદારશ્રીઓ તથા બી.આર.સી.કો. ઓર્ડીનરશ્રી, સી.આર.સી.કો.ઓર્ડીનેટરશ્રીઓ, તેમજ તાલુકા વિકાસ અધિકારી સાહેબશ્રીનો તથા તાલુકા પંચાયત શિક્ષણ શાખા સ્ટાફનો હું ખૂબ જ ઋણી છું.

મંડળીના નાણાંકીય લેવડ-દેવડમાં માર્ગદર્શકશ્રી અમ.ડિ.કો.બેંક, સેકટર-૧૬, ગાંધીનગર શાખાના મેનેજરશ્રી, બેંક ઈન્સ્પેકટરશ્રી તથા બેંકના તમામ કર્મચારીગણનો હું આભાર વ્યક્ત કરૂ છું.

મંડળીના દૈનિક વહીવટમાં સદાનિયમિત, પ્રામાણિક, કાર્યકુશળ અને મને સતત માર્ગદર્શન આપતા કાર્યાલય મંત્રીશ્રી નટવરલાલ કાપડિયા, જયંતિલાલ બ્રહ્મભટ્ટ તથા રમણકાકા તેમજ ઉત્સાહી યુવાન કોમ્પ્યુટર ઓપરેટર મન્વેશકુમાર પટેલ અને માનદ ઓડિટરશ્રીઓનો આભાર વ્યક્ત કરૂ છું.

માન. જીલ્લા રજિસ્ટાર સાહેબ અમદાવાદ (રૂરલ) કચેરીનો સ્ટાફ તથા મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર જિ.પં. ગાંધીનગર તથા જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રીનો પણ સાથ સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરૂ છું.

અંતમાં મારા વહીવટકાળ દરમિયાન પૂરી નિષ્ઠાથી મંડળીના વિકાસ અને સભાસદોના હિતને ધ્યાનમાં રાખીને વહીવટને ગતિશીલ અને પારદર્શક બનાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આપણી મંડળી હજુ પણ વધુ પ્રગતિના શિખરો સર કરે અને સભાસદ ભાઈ-બહેનોની કામધેનુ બની રહે એ જ અભ્યર્થના સાથે વિરમું છું.

''માફી માંગવી એનો અર્થ એ નથી કે તમે ખોટા છો અને સામેવાળા સાચા છે. પણ તેનો અર્થ એ છે કે તમે સંબંધની કિંમત તમારા અહમ કરતા વધુ સમજો છો...''

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## તા. ૩૧-૩-૨૦૧૨ ના રોજનો આપનો હિસાબ

| ખાતા નંબર | બાકી કરજ | ફરજીયાત બચત | જમા શેરની રકમ | થાપણ | શેરો |
|---|---|---|---|---|---|
| | | | | | |

નોંધ : આપના હિસાબમાં ભૂલચૂક હોય તો દિન-૧૦ માં ખાતા નંબર સાથે વિગતવાર મંત્રીશ્રીને જાણ કરવી. નહીંતર આપનો હિસાબ બરાબર છે તેમ માનવામાં આવશે.

## સને ૨૦૧૧-૨૦૧૨ ના વર્ષના નફાની વહેંચણીનું ભલામણ પત્રક

| વિગત | જમા રૂપિયા | વિગત | ઉધાર રૂપિયા |
|---|---|---|---|
| ચોખ્ખો નફો | ૨૪,૯૧,૪૮૮/- | રીઝર્વ ફંડ ૨૫% | ૬,૨૨,૮૭૨/- |
| | | શેર ડિવિડન્ડ ૮% | ૧૬,૮૮,૮૧૧/- |
| | | શિક્ષણ ફાળો ૧.૫% | ૩૭,૩૭૨/- |
| | | સહકાર પ્રચાર | ૫,૦૦૦/- |
| | | ધર્માદા ફંડ | ૧૫,૦૦૦/- |
| | | ઘસારા ફંડ | ૨૦,૦૦૦/- |
| | | મકાન ફંડ | ૧,૦૦,૦૦૦/- |
| | | ડી.વી.ઈકવી ફંડ | ૨,૪૩૩/- |
| કુલ :- | ૨૪,૯૧,૪૮૮/- | કુલ.... | ૨૪,૯૧,૪૮૮/- |

## વહીવટી ખર્ચ

| | |
|---|---|
| શ્રી પગાર ખાતે | ૨,૫૩,૪૯૩/- |
| શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦/- |
| શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૬,૯૦૫/- |
| શ્રી સરભરા ખર્ચ ખાતે | ૫૩,૫૫૯/- |
| શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૬૬,૮૬૪/- |
| શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૮,૨૬૦/- |
| શ્રી પેટ્રોલ ખર્ચ ખાતે | ૩૦,૦૦૦/- |
| શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૧૪,૨૯૧/- |
| કુલ.... | ૬,૧૦,૯૭૨/- |

## તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૨૦,૧૪,૪૧,૮૦૫ | શ્રી અમ.ડી.બેન્ક કે.કે. ખાતે | ૨૦,૬૯,૯૪,૩૪૭ |
| ૨૦,૬૫,૬૧,૦૦૦ | શ્રી કરજ ખાતે | ૨૨,૭૪,૪૦,૦૦૦ |
| ૧૮,૫૩,૬૯,૪૦૦ | શ્રી થાપણ ખાતે | ૧૭,૮૦,૧૬,૪૦૦ |
| ૨,૧૭,૫૫,૯૦૦ | શ્રી કરજ વ્યાજ ખાતે | ૫૩,૮૫,૪૭૯ |
| — | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૩૭,૭૯,૦૬૯ |
| ૪,૭૨,૧૬૧ | શ્રી સરદાર સરોવર શ્રી નિધિ વ્યાજ ખાતે | — |
| — | શ્રી કેશક્રેડીટ વ્યાજ ખાતે | ૩,૭૨,૯૦૮ |
| ૧૪,૬૭,૯૮૦ | શ્રી શેરભંડોળ ખાતે | ૬,૮૦,૮૩૦ |
| ૧૪,૬૭,૯૮૦ | શ્રી શેરફાળા ખાતે | ૧૪,૬૭,૯૮૦ |
| — | શ્રી કર્મચારી વેતન ખાતે | ૨,૫૩,૪૯૩ |
| ૨૦,૮૦૦ | શ્રી કર્મચારી બોનસ ખાતે | ૨૭,૮૦૦ |
| — | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦ |
| — | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૬,૯૦૫ |
| — | શ્રી પરચૂરણ ખર્ચ ખાતે | ૮,૨૬૦ |
| — | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૬૬,૮૬૪ |
| — | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૬૦ |
| — | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| ૧,૭૪,૦૦૦ | શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૨,૭૦,૦૦૦ |
| ૧,૫૯,૫૦૦ | શ્રી નિવૃત્તિ યોજના ખાતે | ૯૯,૦૦૦ |
| ૩,૫૦૬ | શ્રી ડિવિડન્ડ ઈક્વી. ફંડ ખાતે | — |
| ૧૪,૨૩,૬૭૩ | શ્રી શેર ડિવિડન્ડ ખાતે | ૧૪,૧૮,૮૧૬ |
| — | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૫૩,૫૫૯ |
| ૮,૭૭,૦૩૫ | શ્રી કરજ વ્યાજ વળતર ખાતે | ૫,૯૫,૯૫૮ |
| ૫,૦૦૦ | શ્રી ઘસારા ખંડ ખાતે | — |
| ૧૦,૦૦૦ | શ્રી ધર્માદા ફંડ ખાતે | ૧૯,૪૬૩ |
| ૧૭,૫૭૫ | શ્રી બિલ્ડીંગ ફંડ ખાતે | ૫૦,૮૨૨ |
| ૫,૧૬,૮૭૨ | શ્રી રીઝર્વ ફંડ ખાતે | — |
| — | શ્રી લવાજમ ખાતે | ૯૨૮ |

પાછળ ચાલુ...

# શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

## તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨ સુધીની જનરલ તારીજ

| જમા રૂપિયા | ખાતાનું નામ | ઉધાર રૂપિયા |
|---|---|---|
| ૨,૦૦,૦૦૦ | શ્રી અમ. ડી. બેંક શેર ડીવી. ખાતે | — |
| — | શ્રી અમ. ડી. બેંક નોમીનલ ફી. ખાતે | ૪૨૫ |
| ૨,૧૨,૧૯૧ | શ્રી અમ. ડી. બેંક ફીક્સ ડીપો. વ્યાજ ખાતે | — |
| ૭,૫૦૦ | શ્રી ગાં.તા.પ્રા.શિ. ગ્રાહક મંડળી ખાતે | — |
| — | શ્રી પેકેજ પોલીસ ખાતે | ૧૦,૪૪૮ |
| ૧,૦૮,૦૦૦ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૧,૦૦,૦૦૦ |
| ૬,૦૪૯ | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૧૪,૨૯૧ |
| ૯૬૦ | શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | — |
| — | શ્રી ટેલીફોન ખાતે | ૬,૦૭૦ |
| — | શ્રી વીજળી ખાતે | ૬,૦૬૯ |
| — | શ્રી ઓડીટ ફી ખાતે | ૩,૦૦૦ |
| ૧૪,૦૦૦ | શ્રી ચૂંટણી ખર્ચ ખાતે | ૧૮,૯૮૩ |
| ૩૫,૧૦૦ | શ્રી વિ.પ્રો. ફંડ ખાતે | ૧૮,૯૫૦ |
| ૩,૦૦૦ | શ્રી સહકાર પ્રચાર ખાતે | ૨,૫૦૦ |
| ૬૬,૮૦,૫૦૦ | શ્રી ફરજીયાત બચત ખાતે | ૯,૧૬,૩૦૦ |
| ૪૧,૬૩,૨૫૦ | શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૨૮,૮૦,૯૩૩ |
| — | શ્રી ચેકબુક ખાતે | ૩,૬૨૫ |
| ૧,૦૦,૦૦,૦૦૦ | શ્રી અમ. ડી. બેંક સેવિંગ ખાતા ખાતે | — |
| — | શ્રી નફા તોટા ખાતે | ૨૦,૧૩,૪૮૯ |
| ૫૨,૧૫૧ | શ્રી ઉઘડતી સિલક ખાતે | — |
| — | શ્રી બંધ સિલક ખાતે | ૧૫,૧૬૪ |
| ૬૪,૩૨,૨૬,૮૮૮ | કુલ | ૬૪,૩૨,૨૬,૮૮૮ |

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## તા. ૧-૪-૨૦૧૧ થી તા. ૩૧-૩-૨૦૧૨ સુધીની નફા-નુકશાનનું પત્રક

| ઉપજ | રૂપિયા | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી કરજ વ્યાજ ખાતે | ૨,૧૭,૫૫,૯૦૦ | શ્રી મંત્રી માનદ્ વેતન ખાતે | ૨,૫૩,૪૯૩ |
| શ્રી શેર ડુપ્લીકેટ ફી ખાતે | ૯૬૦ | શ્રી વસુલાત ખર્ચ ખાતે | ૫૭,૬૦૦ |
| શ્રી સરદાર સરોવર શ્રીનિધિ વ્યાજ ખાતે | ૪,૭૨,૧૬૧ | શ્રી ભાડા ભથ્થા ખાતે | ૨૬,૯૦૫ |
| શ્રી અમ. ડી. બેંક શેર ડીવી ખાતે | ૨,૦૦,૦૦૦ | શ્રી પરચુરણ ખર્ચ ખાતે | ૮,૨૬૦ |
| શ્રી એમ. ડી. બેંક ફીક્સડીપો વ્યાજ ખાતે | ૨,૧૨,૧૯૧ | શ્રી સ્ટેશનરી ખર્ચ ખાતે | ૬૬,૮૬૪ |
| શ્રી જનરલ સભા ડિપોઝીટ | ૬,૦૪૯ | શ્રી પોસ્ટેજ ખર્ચ ખાતે | ૧૬૦ |
| શ્રી અમ.ડી. બેંક સેવિંગ વ્યાજ ખાતે | ૩૩,૩૬૩ | શ્રી ટેલીફોન ખર્ચ ખાતે | ૬,૦૭૦ |
| | | શ્રી વીજળી બીલ ખાતે | ૬,૦૬૯ |
| | | શ્રી થાપણ વ્યાજ ખાતે | ૧,૩૭,૭૯,૦૬૯ |
| | | શ્રી કરજ વ્યાજ ખાતે | ૫૩,૮૫,૪૭૯ |
| | | શ્રી સરભરા ખર્ચ ખાતે | ૫૩,૫૫૯ |
| | | શ્રી પેકેજ પોલીસી ખાતે | ૧૦,૪૪૮ |
| | | શ્રી પેટ્રોલ એલાઉન્સ ખાતે | ૩૦,૦૦૦ |
| | | શ્રી જનરલ સભા ખર્ચ ખાતે | ૧,૧૪,૨૯૧ |
| | | શ્રી ચેકબુક ખાતે | ૩,૬૨૫ |
| | | શ્રી કેશ ક્રેડીટ વ્યાજ ખાતે | ૩,૭૨,૯૦૮ |
| | | શ્રી લવાજમ ખાતે | ૯૨૮ |
| | | શ્રી ચૂંટણી ખાતે | ૨,૯૮૩ |
| | | શ્રી ઓડીટ ફી ખાતે | ૩,૦૦૦ |
| | | શ્રી બોનસ ખાતે | ૭,૦૦૦ |
| | | શ્રી અમ. ડી. બેંક નોમીનલ ફી ખાતે | ૪૨૫ |
| | | શ્રી અ.ડી. વહીવટ ચાર્જ | – |
| કુલ | ૨૨૬૮૦૬૨૪ | કુલ | ૨,૦૧,૮૯,૧૩૬ |
| | | નફો | ૨૪,૯૧,૪૮૮ |
| **એકંદરે કુલ.** | **૨૨૬૮૦૬૨૪** | **એકંદરે કુલ...** | **૨,૨૬,૮૦,૬૨૪** |

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

મેળવજો નીતિથી, વાપરજો પ્રીતિથી, ભોગવજો રીતિથી, તો બચી જશો દુર્ગતિથી.

## • તા. ૩૧-૩-૨૦૧૨ ના રોજનું સરવૈયું •

| દેવું-મિલકત | રૂપિયા | પુંજી લેણું | રૂપિયા |
|---|---|---|---|
| શ્રી થાપણ ખાતે | ૧૭,૪૬,૬૪,૬૫૦ | શ્રી અમ.ડી.બેંક કે.કે. ખાતે | ૧૬,૬૧,૫૯૯ |
| શ્રી શેર ભંડોળ ખાતે | ૨,૧૧,૧૦,૧૪૦ | શ્રી કરજ ખાતે | ૨૩,૯૮,૫૫,૧૦૦ |
| શ્રી ડેથ બેનીફીટ યોજના ખાતે | ૨,૨૪,૦૦૦ | શ્રી ડેડસ્ટોક ખાતે | ૨,૧૬,૪૫૫ |
| શ્રી ડીવી ઈક્વી. ફંડ ખાતે | ૭૩,૩૬૩ | શ્રી સ્ટેમ્પ ખાતે | ૧૩,૨૦૦ |
| શ્રી નિવૃત સહાયક ફંડ ખાતે | ૨,૨૩,૪૯૦ | શ્રી ટેલિફોન ડીપોઝીટ ખાતે | ૬,૧૬૦ |
| શ્રી શેર ડીવીડન્ડ ખાતે | ૫,૨૫૫ | શ્રી અમ.ડી. બેંક સેવિંગ ખાતે | ૩૭,૩૨૩ |
| શ્રી કરજ વ્યાજ વળતર ખાતે | ૯,૧૨,૯૬૭ | ગા. તા. પ્રા. શિ. ગ્રાહક મંડળી ખાતે | ૮૧,૫૯૫ |
| શ્રી ઘસારા ફંડ ખાતે | ૩૬,૪૦૭ | શ્રી અમ.ડી.બેંક શેર ફાળા ખાતે | ૨૦,૦૦,૦૦૦ |
| શ્રી ધર્માદા ફંડ ખાતે | ૫,૫૩૭ | શ્રી મકાન ફંડ ખાતે | ૧૦,૦૩,૧૧૯ |
| શ્રી બિલ્ડીંગ ફંડ ખાતે | ૧,૩૧,૫૭૪ | શ્રી ગાં. બેંક બોન્ડ ખાતે | ૨,૫૦૦ |
| શ્રી રીઝર્વ ફંડ ખાતે | ૮૬,૬૯,૫૯૪ | | |
| શ્રી વિદ્યાલક્ષ્મી બોન્ડ ફંડ ખાતે | ૩૩,૯૦૦ | | |
| શ્રી સહકાર પ્રચાર ફંડ ખાતે | ૧૮,૮૫૫ | | |
| શ્રી ફરજીયાત બચત ખાતે | ૩,૨૦,૨૫,૦૦૦ | | |
| શ્રી ફરજીયાત બચત વ્યાજ ખાતે | ૪૧,૮૯,૭૧૦ | | |
| શ્રી શકમંદ ખાતે | ૧૦,૦૦૦ | બંધ થતી સિલક | ૧૫,૧૬૪ |
| શ્રી વિદ્યાર્થી પ્રોત્સાહક ફંડ ખાતે | ૬૬,૨૮૫ | કુલ | |
| નફો | ૨૪,૯૧,૪૮૮ | ખોટ | |
| કુલ | ૨૪,૪૮,૯૨,૨૧૫ | એકંદર કુલ | ૨૪,૪૮,૯૨,૨૧૫ |

| | |
|---|---|
| **વનલીલાબેન રમણભાઈ પટેલ** | **મહેશભાઈ બાબુભાઈ પટેલ** |
| **પ્રમુખશ્રી** | **મંત્રીશ્રી** |
| ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી., | ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી., |
| ગાંધીનગર. | ગાંધીનગર. |

સત્કર્મ સ્વભાવ બને એજ સાચો કર્મયોગી.

પ્રતિશ્રી,
પ્રમુખશ્રી / મંત્રીશ્રી,
ગાંધીનગર તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## માનદ્ ઓડીટરશ્રીઓનો શેરો

શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળી લી.ના તા.૧/૪/૨૦૧૧ થી ૩૧/૩/૨૦૧૨ સુધીના તમામ હિસાબોનું ઓડીટ કરવામાં આવેલ છે. ઓડીટમાં તમામ જમા ઉધાર વાઉચરો, થાપણો, રોજમેળ, રોકડ જમા પાવતી બુકો, જનરલ ખાતાવહી, થાપણ ખાતાવહી, થાપણ રસીદો, ચેકબુકો, પાસબુકો તથા બેંકનાં સ્ટેટમેન્ટની ચકાસણી કરવામાં આવેલ છે.

વહીવટી સૂચનાઓનું સ્પષ્ટીકરણ મંત્રીશ્રી તથા સહમંત્રી સાથે કરવામાં આવી અને તેમાં જરૂરી સુધારા વધારા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું. મંડળીનો વહીવટ ખૂબ જ કરકસર અને કુનેહપૂર્વક કરવામાં આવેલ જણાયો.

મંડળીનો વહીવટ સ્વચ્છ, સુંદર અને પારદર્શક ચાલે છે. તેમજ પ્રમુખશ્રી, મંત્રીશ્રી, સહ કાર્યાલય મંત્રીશ્રીઓ અને કારોબારીના અન્ય સભ્યશ્રીઓની કામગીરી સારી જણાયેલ છે. મંડળી દિનપ્રતિદિન વિકાસોન્મુખ રીતે પ્રગતિ કરે અને તમામ સભાસદોને લાભ મળે તેવી શુભેચ્છા સહ....

**ઓડીટરશ્રીઓ :-**

(૧) **શ્રી પિયુષકુમાર હરગોવિંદભાઈ પટેલ**
માનદ્ ઓડિટરશ્રી, અડાલજ વિભાગ,

(૨) **શ્રી ખીમાભાઈ વીરાભાઈ ચાવડા**
માનદ્ ઓડિટરશ્રી, રાંધેજા વિભાગ

(૩) **શ્રી રમેશભાઈ માસંગજી ચૌહાણ**
માનદ્ ઓડિટરશ્રી, ડભોડા વિભાગ

તારીખ : ૧૩-૪-૨૦૧૨

વેરમાં વાંધો છે. સ્નેહમાં સાંધો છે.

## • નિવૃત્તિ ફાળો ચૂકવ્યાની યાદી •
## સને ૨૦૧૧-૧૨

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં./તારીખ | ચૂકવ્યા તારીખ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | મંદાકીનીબેન ગણપતભાઈ ભાવસાર | ડભોડા કન્યા | ઠ.નં. ૫/૧/૫-૩-૧૧ | ૦૨-૦૫-૨૦૧૧ | ૧૧,૦૦૦ |
| ૨ | કાન્તાબેન મૂળજીભાઈ શ્રીમાળી | શેરથાપરા | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૨૩-૧૧-૨૦૧૧ | ૧૧,૦૦૦ |
| ૩ | નલીનીબેન મણીલાલ પટેલ | ઈસનપુર | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૨૪-૧૧-૨૦૧૧ | ૧૧,૦૦૦ |
| ૪ | શર્મિષ્ઠાબેન જયંતિલાલ પંડ્યા | અમિયાપુર | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૨૪-૧૧-૨૦૧૧ | ૧૧,૦૦૦ |
| ૫ | જીવણભાઈ બબાભાઈ લેઉવા | અડાલજ કન્યા | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૩-૧૨-૨૦૧૧ | ૧૧,૦૦૦ |
| ૬ | પુષ્પાબેન નાથાલાલ પરમાર | ભોંયણ રાઠોડ | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૧૭-૧૨-૨૦૧૧ | ૧૧,૦૦૦ |
| ૭ | ડાહ્યાભાઈ હીરાભાઈ રાવળ | પેથાપુર કન્યા-૧ | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૨૧/૧૨/૨૦૧૧ | ૧૧,૦૦૦ |
| ૮ | ચંદ્રીકાબેન છોટાલાલ પટેલ | રાયપુર | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૦૪-૦૧-૨૦૧૨ | ૧૧,૦૦૦ |
| ૯ | કલાવતીબેન રામદાસ પ્રજાપતિ | વાસન | ઠ.નં. ૧૦/૧૯-૧૧-૧૧ | ૦૬-૦૧-૨૦૧૨ | ૧૧,૦૦૦ |
| | | | | કુલ... | ૯૯,૦૦૦ |

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

ખોટાનો વિરોધ જરૂર કરો, પણ વૈરભાવ વિના કરો.

## ડેથ ફાળો ચુકવ્યાની યાદી : ૨૦૧૧-૨૦૧૨

| અ.નં. | સભાસદ શિક્ષકનું નામ | શાળા | ઠરાવ નં. | ચૂકવ્યા તારીખ | રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | સુભદ્રાબેન ગીરધરભાઈ પટેલ<br>વારસદાર : અમૃતભાઈ જેઠાભાઈ પટેલ | ડભોડા કન્યા | ઠરાવ નં. ૧૩<br>તા.૨૫-૬-૧૧ | ૧-૭-૨૦૧૧ | ૯૦,૦૦૦ |
| ૨ | વાસુદેવ રામલાલ નાયક<br>વારસદાર : મીનાક્ષીબેન બાબુલાલ નાયક | ટીંટોડા | ઠરાવ નં. ૮<br>તા. ૧૦-૯-૧૧ | ૨૩-૯-૨૦૧૧ | ૯૦,૦૦૦ |
| ૩ | વર્ષાબેન પ્રવિણચંદ્ર કુંચારા<br>વારસદાર : પ્રવિણકુમાર વાલજીભાઈ કુંચારા | સાલુજીના મુવાડા | ઠરાવ નં.૮<br>તા. ૧૦-૬-૧૧ | ૧૪-૧૦-૧૧ | ૯૦,૦૦૦ |
| | | | | કુલ ... | ૨,૭૦,૦૦૦ |

## વ્યાજના દર

| | | |
|---|---|---|
| થાપણ | ૧ વર્ષની મુદત માટે ૯.૦૦% | તા.૧-૪-૨૦૧૨ થી થાપણ વ્યાજ દર. ૯.૫૦% કરેલ છે.<br>નોંધ : પાકતી તારીખ પહેલાં થાપણ વટાવવામાં આવશે તો ૩.૬૦% પ્રમાણે વ્યાજ આપવામાં આવશે. |
| કરજ લોન | ૯.૬૦ % | તા. ૧-૪-૨૦૧૨ થી કરજ વ્યાજ દર ૧૦.૨૦% કરેલ છે. |
| ફરજીયાત બચત | ૧૩% | વ્યાજનો દર વાર્ષિક નફાને આધીન કારોબારીની ભલામણથી નક્કી કરવામાં આવશે. |

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

આફતના મોટા લાગતા પહાડો બરફના બનેલા હોય છે, પરિશ્રમ તેને પિગળાવી દે છે.

## • સન્માનીય નિવૃત્ત શિક્ષકોની યાદી •

| ક્રમ | શિક્ષકશ્રીનું નામ | ગામ | તારીખ | વય નિવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧ | સરિતાબેન સવજીભાઈ પરમાર | ટીંટોડા | ૩૧-૦૫-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૨ | માલવિકાબેન જંયતિલાલ દવે | લક્ષ્મીનગર | ૩૧-૦૫-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૩ | કંકુબેન પુરૂષોત્તમદાસ પટેલ | ભાટ | ૩૧-૦૫-૨૦૧૧ | સ્વૈ. નિવૃતિ |
| ૪ | શર્મિષ્ઠાબેન જયંતિલાલ પંડ્યા | અમિયાપુર | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૫ | ભોગીલાલ મગનલાલ પટેલ | ચંદ્રાલા-૨ | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૬ | ડાહ્યાભાઈ હીરાભાઈ રાવળ | પેથાપુર કન્યા-૧ | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૭ | નલીનીબેન મણીલાલ પટેલ | ઈસનપુર | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૮ | વિષ્ણુપ્રસાદ અંબાલાલ જાની | કોલવડા કન્યા-૨ | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૯ | કાન્તાબેન મુળજીભાઈ શ્રીમાળી | શેરથાપરા | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૦ | મંગુબેન કુશલભાઈ સોલંકી | આદરજ | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૧ | લીલાબેન મોતીલાલ ટુંડિયા | ભાટ | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૨ | જીવણભાઈ બબાભાઈ લેઉવા | અડાલજ કન્યા | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૩ | કલાવતીબેન રામદાસ પ્રજાપતિ | વાસન | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૪ | પુષ્પાબેન નાથાલાલ પરમાર | ભોંયણ રાઠોડ | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૫ | ચંદ્રીકાબેન છોટાલાલ પટેલ | રાયપુર | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૬ | મંજુલાબેન નરહરીભાઈ પુરોહિત | રાયપુર | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |
| ૧૭ | કોકિલાબેન જોઈતારામ પટેલ | રામપુરા | ૩૧-૧૦-૨૦૧૧ | વય નિવૃતિ |

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

મન શાંત રહે તો કંઈ વાંધો નહિ, જીભ શાંત રહે એટલે બસ.

## • સભ્યશ્રીઓને સૂચના •

(૧) આપની બીજી શાળામાં બદલી થાય તો મંડળીના કાર્યાલયે લેખિત અથવા ટેલીફોન પર જાણ કરવી.

(૨) મંડળીમાં નાણાંની લેવડ-દેવડ માટે આપશ્રીએ જાતે આવવું.

(૩) પાકતી તારીખે થાપણ અવશ્ય રીન્યુ કરાવવી. થાપણદારે થાપણની લેવડ-દેવડ માટે જાતે આવવું. પાકતી તારીખ બાદ પાકતી તારીખથી જે તે પુરા મહીના થયા હશે તેટલા મહીનાનું ૩.૬૦% લેખે વધુ વ્યાજ મળવાપાત્ર રહેશે.

(૪) આપના હિસાબમાં લખેલ થાપણ, શેરભંડોળ, બાકી કરજ, ફરજીયાત બચત વગેરે તપાસી લો. તેમાં ભૂલ-તફાવત જણાય તો મંડળીના કાર્યાલય પર આવી હિસાબ તપાસી લેવો.

(૫) કરજ અરજીઓમાં સંપૂર્ણ માહિતી ભરીને મોકલી આપવી. અધુરી વિગતવાળી કરજ અરજીઓ મંજૂર કરવામાં આવશે નહિ. કારોબારી સભા મળે તે પહેલાં કરજ અરજી મોકલી આપવી. કરજ અરજી સાથે આપેલ કબૂલાતનામાની ઉપરની સ્લીપ કાપીને પગાર કેન્દ્ર શાળા ખાતે તેમજ નીચેની સ્લીપ કાર્યાલય ખાતે આપવાની રહેશે.

નોંધ :- કરજ લેનાર સભાસદે પોતાના પગાર કેન્દ્રના સભાસદો ને જ જામીનદાર રાખવા.

કરજ અરજીમાં જામીનદારોએ તથા કરજ લેનાર સભાસદે આચાર્યશ્રીની રૂબરું માં આખી સહી કરવી.

કરજ અરજીમાં જામીનદારોએ બે કે તેથી વધુ સભાસદોની કરજ અરજીમાં જામીન થવું નહીં, તેમાં તમારું શ્રેય છે.

(૬) કારોબારી સભા પ્રત્યેક મહીને મળે છે. કારોબારી સભા મળ્યા બાદ આવેલ અરજીઓ આગામી મહીનાની કારોબારી સભામાં ધ્યાનમાં લેવામાં આવશે.

(૭) નાણાંની લેવડ-દેવડ માટે બેંકના સમયને ધ્યાને લઈ

| | |
|---|---|
| સોમવાર થી શુક્રવાર | સવારે ૯-૩૦ થી ૨-૦૦ સુધી |
| શનિવાર | સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ સુધી કરવામાં આવશે. |

(૮) તમારા શેર સર્ટિફિકેટ તથા થાપણ રસીદ સાચવીને રાખવા.

(૯) કરજ લોન જે તે કરજદારના બેંક ખાતામાં જમા થાય તે રીતે A/C Pay ચેક દ્વારા આપવામાં આવશે.

(૧૦) નિવૃત્ત થનાર શિક્ષકોને મંડળીમાં લોન/કરજ ભરપાઈ કર્યા બાદ જ N.O.C. આપવામાં આવશે.

(૧૧) તમે જમા કરાવેલ નાણાંની પહોંચ તરત જ મેળવી લેવાનો આગ્રહ રાખો.

(૧૨) થાપણ રસીદ જયારે રીન્યું કે વટાવવાની હોય ત્યારે રસીદ પાછળ વચ્ચેના ભાગે રેવન્યુ ટીકીટ લગાવી જે તે થાપણદારે જાતે જ આખી સહી કરવાની રહેશે. અધુરી કે અંગ્રેજીમાં સહી ચાલશે નહિ.

**(૧૩) સભાસદનાં બાળકો એસ.એસ.સી./એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ) ડીગ્રી કોર્સમાં ૭૦ ટકા જ્યારે એચ.એસ.સી. (વિજ્ઞાન પ્રવાહ) માં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય તેમણે પ્રોત્સાહક ઈનામ મેળવવા માટે માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ તથા અરજી તા. ૧૮-૬-૨૦૧૨ સુધી મોકલી આપવી.**

(૧૪) આપના સૂચનો તા.૧૮/૬/૧૨ સંધીમાં લેખિતમાં મોકલી આપશો. નિયત તારીખ પછી આવેલ સૂચનો ધ્યાને લેવાશે નહિ.

(૧૫) **ખાસ નોંધ :- જનરલ સભામાં હાજર રહેનાર ને જ ભાડું ચૂકવવામાં આવશે.**

(૧૬) કાર્યાલય - રવિવાર તથા બેંકીગ રજા તેમજ જાહેર તહેવારની રજા હોય ત્યારે બંધ રહેશે.

(૧૭) ઉપરોક્ત સૂચનો / નિયમો પરિસ્થિતિને અનુસંધાન કારોબારી ફેરફાર કરી શકે છે.

પરસેવાની કમાણીથી જે પર સેવા કરે તે માણસ મહાન છે.

## શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી., ગાંધીનગર.

### ● પંચવર્ષીય પ્રગતિના આંકડા ●

| ક્રમ | વિગત | ૩૧-૩-૨૦૦૮ | ૩૧-૩-૨૦૦૯ | ૩૧-૩-૨૦૧૦ | ૩૧-૩-૨૦૧૧ | ૩૧-૩-૨૦૧૨ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઓડીટ વર્ગ | અ | અ | અ | અ | ઓડિટ બાકી |
| ૨ | સભાસદ સંખ્યા | ૧૦૭૭ | ૧૦૮૯ | ૧,૦૯૯ | ૧,૧૧૫ | ૧,૧૩૪ |
| ૩ | શેરભંડોળ | ૧,૭૦,૦૯,૧૦૦ | ૧,૭૪,૧૨,૯૩૦ | ૧,૮૮,૩૪,૨૫૦ | ૨,૦૩,૨૨,૯૯૦ | ૨,૧૧,૧૦,૧૪૦ |
| ૪ | કરજ ધીરાણ | ૧૫,૪૭,૭૨,૧૦૦ | ૧૧,૫૪,૪૪,૦૦૦ | ૨૦,૬૯,૫૭,૦૦૦ | ૨૩,૨૫,૩૩,૦૦૦ | ૨૨,૭૪,૪૦,૦૦૦ |
| ૫ | કરજ વસુલ | ૧૧,૪૯,૦૮,૫૦૦ | ૧૧,૬૫,૯૭,૦૦૦ | ૧૭,૪૫,૩૬,૫૦૦ | ૧૯,૯૫,૯૬,૫૦૦ | ૨૦,૬૫,૬૧,૦૦૦ |
| ૬ | કરજ બાકી | ૧૫,૪૭,૭૨,૧૦૦ | ૧૫,૩૬,૧૯,૧૦૦ | ૧૮,૬૦,૩૯,૬૦૦ | ૨૧,૮૯,૭૬,૧૦૦ | ૨૩,૯૮,૫૫,૧૦૦ |
| ૭ | રીઝર્વ ફંડ | ૬૭,૩૧,૬૯૯ | ૭૦,૨૧,૩૬૪ | ૭૫,૮૩,૮૬૪ | ૮૧,૫૨,૭૨૨ | ૮૬,૬૯,૫૯૪ |
| ૮ | થાપણ | ૧૧,૩૨,૦૭,૭૫૦ | ૧૩,૦૯,૯૯,૯૫૦ | ૧૫,૫૯,૪૨,૪૫૦ | ૧૬,૭૩,૧૧,૬૫૦ | ૧૭,૪૬,૬૪,૬૫૦ |
| ૯ | વહીવટી ખર્ચ | ૪,૯૮,૫૨૬ | ૪,૮૮,૪૭૦ | ૫,૩૧,૨૫૬ | ૬,૨૩,૨૩૪ | ૬,૧૦,૯૭૨ |
| ૧૦ | નફો | ૧૧,૫૩,૬૫૯ | ૨૨,૦૦,૦૦૦ | ૨૧,૨૯,૭૭૮ | ૨૦,૧૩,૪૮૯ | ૨૪,૯૧,૪૮૮ |
| ૧૧ | શેર ડિવિડન્ડ | ૮,૩૬,૧૫૯ | ૧૫,૬૭,૧૬૪ | ૧૫,૦૬,૭૪૦ | ૧૪,૨૨,૬૦૯ | ૧૬,૮૮,૮૧૧ |
| ૧૨ | બેંક ખાતે/જમા | ૧,૨૯,૦૦,૩૪૩ | ૧૨,૬૬,૧૧૬ | ૧૫,૪૪,૩૫૪ | -૩૮,૯૦,૯૪૩ | ૧૬,૬૧,૫૯૯ |
| ૧૩ | લેવડ-દેવડ | ૪૨,૬૫,૧૩,૪૬૪ | ૪૪,૦૯,૮૪,૬૬૭ | ૫૯,૨૧,૯૪,૪૦૨ | ૬૫,૯૦,૮૦,૭૪૦ | ૬૪,૩૨,૨૬,૮૮૮ |
| ૧૪ | કરજ વ્યાજ વળતર | ૬,૯૬,૮૨૧ (૫%) | ૯,૭૨,૨૨૪(૬%) | ૮,૨૭,૭૫૧(૪.૫%) | ૬,૩૧,૮૯૦ (૩%) | ૯,૧૨,૯૬૭ (૪%) |
| ૧૫ | ફરજીયાત બચત | ૧,૨૯,૫૧,૩૦૦ | ૧,૬૦,૨૧,૨૦૦ | ૨,૦૭,૩૧,૯૦૦ | ૨,૬૨,૬૦,૮૦૦ | ૩,૨૦,૨૫,૦૦૦ |
| ૧૬ | શેર દીઠ વ્યાજ | ૦.૬૦ | ૦.૯૦ | ૦.૮૦ | ૦.૭૦ | ૦.૮૦ |
| ૧૭ | ફરજીયાત બચત | ૧.૪૦ | ૧.૫૦ | ૧.૩૦ | ૧.૧૦ | ૧.૩૦ |

**વનલીલાબેન રમણભાઈ પટેલ**
**પ્રમુખશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**મહેશભાઈ બાબુભાઈ પટેલ**
**મંત્રીશ્રી**
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

## શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.

### કર્મયોગી
### આંતરિક ઓડીટરશ્રી



**પિયુષકુમાર હ. પટેલ**
અડાલજ વિભાગ



**ખીમાભાઈ વી. ચાવડા**
રાંધેજા વિભાગ



**રમેશભાઈ મા. ચૌહાણ**
ડભોડા વિભાગ


### કર્મયોગી
### કાર્યાલય મંત્રીશ્રી



**નટવરલાલ મં. કાપડિયા**
કાર્યાલય મંત્રીશ્રી
ડભોડા વિભાગ



**રમણભાઈ ના. પટેલ**
કાર્યાલય મંત્રીશ્રી
અડાલજ વિભાગ



**જયંતિલાલ પુ. બ્રહ્મભટ્ટ**
કાર્યાલય મંત્રીશ્રી
રાંધેજા વિભાગ



**મન્વેશકુમાર રા. પટેલ**
કોમ્પ્યુટર ઓપરેટર



**પ્રમોદભાઈ મ. શુક્લ**
સેવક

# હક અને ફરજ

આ સંસ્થા તમારી છે તેને વફાદાર રહેશો.

તમારી સંસ્થાના તમો માલિક છો, તો માલિક તરીકે વર્તીને માલિકની ફરજ બજાવો.

સંસ્થાની સફળતા અને નિષ્ફળતાના આધારિત તમે જ છો તે યાદ રાખો.

આપને સહકાર આપવો અમારી ફરજ છે અને આપની પાસેથી યોગ્ય વર્તનની અપેક્ષા છે.

## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

આપણે સાચી પરિસ્થિતિ સમજી લઈ સરકાર ઉપર આધાર રાખવાનું છોડી દઈ આપણી જવાબદારીઓ આપણે પોતે જ ઉપાડતા અને લોકોને તે ઉપાડી લેવાનું સમજાવતા થઈ જવું જોઈએ.

સંગઠન વિનાનું સંખ્યાબળ એ બળ નથી. સૂતરના બારીક તાર જુદા જુદા હોય છે, પણ જ્યારે મોટી સંખ્યામાં ભેગા થઈને મહોબત કરે છે, તાણા વાણામાં વણાઈને કપડાનું રૂપ લે છે ત્યારે એની મજબૂતી, સુંદરતા અને ઉપયોગીતા અદ્‌ભૂત બની જાય છે. આપણું ધ્યેય શુદ્ધ હોય ત્યારે આપણી ત્રુટીઓ સુધારવાનો આપણે હંમેશા પ્રયત્ન કરવો જોઈએ.



**વનલીલાબેન રમણભાઈ પટેલ**
પ્રમુખશ્રી
ગાં. તા. પ્રા. શિ. શ. સ. મં. લી.,
ગાંધીનગર.

**Book Post**

**પ્રતિશ્રી,** ........................................

તા. જી. ગાંધીનગર
........................................

રવાના
**શ્રી ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી સહકારી મંડળી લી.**
૧૬૨/૧, આનંદ વાટિકા, સેક્ટર-૨૨, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૭૩૨